# શિશુ પરામર્શન કેન્દ્રનાં બાળકોના વિકાસનો અભ્યાસ

**ડૉ. મીનલબા બી. જાડેજા**
આસિસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
**ચિરાગ ઠક્કર**
(એમ.એ.) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર
Mo: 94091 44145

બાળક પવિત્ર,પ્રેમાળ,આનંદી,નિખાલસ,અને ઉચ્ચ આત્મા છે. "બાળક એ ભગવાન ની ભેટ છે"બાળક જન્મે છે ત્યારે એ ઉચ્ચ ને પવિત્ર સંસ્કારો સાથે અવતરણ કરે છે અને તે માટે તમારી પાત્રતા પસંદ કરી તમારે ત્યાં જન્મ લે છે. આ બાળક નું મન કોરી સ્લેટ જેવું સ્વચ્છ હોય છે,તેમાં તમે જે લખશો તે છપાઈ જશે અને તે જ તેનું જીવન બનશે આ સંસ્કાર આપવા માટે માં–બાપ અને શિક્ષા તેના ઉચ્ચ આદર્શ છે.

પોતાના બાળકને વિકસતું જોવું તે પ્રત્યેક માતા–પિતા માટે અદ્ભુત અને અવર્ણનીય અનુભવ છે. બાળકનો વિકાસ એક અટપટી અને સતત પ્રક્રિયા છે. બાળ વિકાસના ભિન્ન ભિન્ન તબક્કાઓ છે, દરેક તબક્કામાં બાળક જુદું જુદું કામ કરવાની ક્ષમતાઓ ધરાવે છે.

નવજાત શિશુ માટે પ્રત્યેક અનુભવ નવો અને રોમાંચક હોય છે. બાળક પોતાની પાસે ઈન્દ્રિયોની મદદથી જોઈને,સૂંઘીને,સ્પર્શીને, સાંભળીને તેમજ ચાખીને દરેક વસ્તુ વિશે માહિતી મેળવે છે. માનવી ક્યારેય નવું શીખવાનું બંધ નથી કરતો. વયસ્ક ની તુલનામાં બાળકમાં નવું શીખવાની ઝડપ અનેક ગણી હોય છે.બાળ–જીવનના વિકાસ ના લક્ષણો માટે કોઈ ચોક્કસ માપદંડ નથી. જેમ દરેક બાળક એકજ વ્યક્તિ છે, તેમ તેનો વિકાસક્રમ પણ વ્યક્તિગત જ રહેવાનો. (કોઈનો ધીમો તો કોઈનો ઝડપી) [અહીં શિશુ અથવા બાળક નો ઉલ્લેખ બાળક તેમજ બાલિકા બંને માટે છે.]

આમ, બાળકના જન્મથી ૩૬ માસ સુધીનો વિકાસક્રમ એના જીવનનો પાયો રચે છે.વિકાસના દરેક તબક્કે એની શારીરિક, માનસિક, બૌદ્ધિક અને ભાવનાત્મક આવશ્યકતાઓ બદલાતી રહે છે. વિકાસનો ક્રમ દરેક બાળકનો જુદો જુદો હોય છે, કોઈનો ધીમો, તો કોઈ નો ઝડપી એની તુલના ન કરવી, પણ બારીકાઈભર્યું અવલોકન જરૂર કરવું. અહીં સુધીની એની જીવનયાત્રામાં પરિવારના હૂંફ,સ્નેહ અને માર્ગદર્શન ખૂબ મહત્વનો ભાગ ભજવે છે એની સાથે જો સતત સ્નેહપૂર્ણ સંવાદ થતો રહે તો એ ખુલશે અને ખીલશે,આ સમયગાળો માતા–પિતાના ધૈર્ય ની પરીક્ષા નો કાળ છે.

બાળકનું જ્યારથી પરિવારમાં આગમન થાય છે ત્યારથી તેના ઘડતરની શરૂઆત થઈ જાય છે. પરિવારમાં બાળકને જે અનુભવો થાય છે તેના આધારે તેની પરિવારના સભ્યો અને તેમની સાથે જીવાતા જીવનની સમજણ બંધાય છે. આથી બાળકની અપેક્ષા ને સમજવી તે બાળકના વિકાસની સૌથી પ્રાથમિક બાબત બની રહે છે.

શિશુ અવસ્થામાં બાળક સૌ પ્રથમ માતા પાર અવલંબિત  હોય છે. માતા તેને આ જગત સાથે જોડનાર  સેતુ સમાન છે. શિશુ અવસ્થામાં બાળક  તેની માતાના અવિભાજ્ય હિસ્સા તરીકે વિકાસ પામે છે. બાળકના  સામાજિક વિકાસની શરૂઆત એ માતાના અસ્તિત્વની નોંધ લે ત્યારથી જ થતી હોય છે. બાળક તેની  પ્રાથમિક જરૂરિયાતો જેવી કે ભૂખ, તરસ, નિંદ્રા, બીમારી જેવી બાબતો માટે સંપૂર્ણપણે માતા  પર આધારિત હોય છે. બાળક અને માતા ના સંબંધમાં શબ્દો ઓછા અને સમજણ  વધારે જોવા મળે છે. બાળકની આંખોમાં તેની માતા પ્રત્યેના  ભાવો છલકતાં હોય છે અને તેને માતા ખૂબ જ સહજતાથી પામી લેતી હોય છે. માતા ની ભાષા અને વર્તનની અસરો  બાળક પર ઘેરી હોય છે. આથી જેમ માતાના પ્રેમ અને હૂંફ ને  કારણે બાળક ખીલે છે, તેમ  માતાની અવગણના અને કઠોરતાથી બાળક કરમાઈ પણ  શકે છે.

નવજાત શિશુ શું એકલું જન્મ્યું,
જન્મ્યા માં અને બાપ ??  –  –અનિલ

‘આચાર પ્રથમો ધર્મ’એ ન્યાયે વૈવિધ્ય સભર પ્રવુત્તિઓ વિદ્યાર્થી ના આચરણ અને જીવનની દિશા નક્કી કરે છે.આ આચરણ નું તત્વ નાની નાની ક્રિયાઓ,પ્રક્રિયાઓ અને પ્રવુત્તિઓથી ઘડાય છે.બાળક નાનું હોય ત્યારથી જ સતત સક્રિય હોય છે.એને અનેક પ્રવૃત્તિઓ કરવી ગમે છે.એનું નાજુક નિર્દોષ મન ખુબ જ ચંચળ હોય છે.એની ચંચળતા ને તીર બનાવી આપણે પ્રવુત્તિઓનું એવું તો મેઘધનુષ્ય રચીએ કે જેથી તેના જીવનનું આકાશ અનેક નયનરમ્ય રંગોથી શોભી ઉઠે! ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્‌ભગવદ્ગીતા માં કર્મયોગની વાત કરતા કહે છે કે....

"હે અર્જુન! કોઈ પણ જીવ ક્ષણ માત્ર પ્રવૃત્તિ કાર્ય વગર રહી શકતો નથી."

આ પ્રવુત્તિઓ સુંદર વૃત્તિ સાથે કરવામાં આવે તો જીવન દિવ્ય બની જાય! આપણે આપણા બાળકો તેજસ્વી,ઓજસ્વી,અને યશસ્વી બને તેવી પ્રવુત્તિઓ વિશે જાણવું જોઈએ.બાળક ના સર્વાંગી વિકાસ માટે આપણે માતા–પિતા તરીકે સતત જાગૃત રહેવું જોઈએ. આપણા સંતાનોમાં ભારતીય જીવનશૈલી અને જીવન કૌશલ્યો સાથે મૂલ્યોનું સંવર્ધન થાય તે માટે પ્રવુત્તિઓ મોટી ભૂમિકા ભજવતી હોય છે. આપણે જીવનના પરમ સૌભાગ્ય સમા માં–બાપ તરીકે ના કર્તવ્ય ને યથાર્થ રીતે નિભાવી ભવ્ય ભારતવર્ષના નિર્માણ માં સહભાગી બનીએ.બાળક પોતાના વ્યક્તિત્વ થી શરુ કરી પરિવાર,સમાજ,રાષ્ટ્ર,વિશ્વ,સૃષ્ટિ અને છેલ્લે પરમેષ્ટિ સુધી વિચારતો થાય તે માટે અનેક વૈવિધ્યસભર પ્રવુત્તિઓ ખુબ જ મહત્વની છે. કારણ, બાળક પોતાની આસપાસના વાતાવરણ,વર્તન અને વ્યવહારનું ખૂબ જ ઝીણવટભર્યું અવલોકન કરે છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી નું ધ્યેય શ્રેષ્ઠ રાષ્ટ્ર ના નિર્માણનું છે.રાષ્ટ્ર ના નિર્માણમાં પ્રત્યેક વ્યક્તિના કાર્યનું મહત્વ છે.શ્રેષ્ઠ મનુષ્ય થકી શ્રેષ્ઠ સમાજ અને રાષ્ટ્ર નું નિર્માણ કરવા માટે મનુષ્યજીવનના પ્રથમ તબક્કાથી જ શરૂઆત કરવી પડે. મનુષ્ય જે કઈ ક્રિયાઓ કરે છે,વિચારે છે અથવા તો વર્તન કરે છે તેનું નિયંત્રણ અને સંચાલન તેનામાં રહેલા સંસ્કારો

થકી થતું હોય છે.મનુષ્યમાં આ સંસ્કારો બનવાની પ્રક્રિયા ગર્ભાધાનથી જ શરુ થઇ જાય છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અંતર્ગત ચાલતા તપોવન સંશોધન કેન્દ્ર થકી ગર્ભાધાન પૂર્વે થી અને ગર્ભાવસ્થા દરમિયાન માતાને અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. આ કેન્દ્ર બાળ વિકાસ સંદર્ભે કેટલું સફળ સાબિત થયું છે તે જાણવાનો પ્રસ્તુત સંશોધનમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. આગળ વાત કરી તેમ બાળકના પ્રારંભિક વિકાસમાં માતાની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. શિશુ ના જન્મ બાદ પણ માતા–પિતા તેમજ પરિવારજનો શિશુની સંપૂર્ણ કાળજી લઈ શકે, બાળઉછેરની મૂંઝવણો દૂર કરી શકે તે હેતુથી શિશુ પરામર્શન કેન્દ્ર 23 જાન્યુઆરી 2017 થી કાર્યરત છે.

**સમસ્યા કથન:–**

"શિશુ પરામર્શન કેન્દ્ર ના બાળકોનાં વિકાસ નો અભ્યાસ "

ઉપરના શીર્ષક પ્રમાણે ના અભ્યાસમાં વિશ્વની એકમાત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સંચાલિત શિશુ પરામર્શન કેન્દ્રમાં આવતા બાળકોના ભાષાકીય, શારીરિક, સામાજિક, બૌદ્ધિક વિકાસનું સર્વેક્ષણ હાથ ધરવામાં આવશે.

**શબ્દોની વ્યાખ્યા:–**

શબ્દોની વ્યાખ્યા સંપૂર્ણ આપવી એ કઠિન હોય છે. કારણ તેમાં કેટલીક મર્યાદાઓ આવી જતી હોય છે. છતાં પણ અભ્યાસની સ્પષ્ટતા અને સમજવામાં સરળતા રહે તે માટે અભ્યાસ ના શીર્ષક ના કેટલાક શબ્દોની વ્યાખ્યા જરૂરી થઈ જાય છે તેથી અહીં કેટલીક વ્યાખ્યાઓ આપવામાં આવી છે.

**બાળ વિકાસ:–**

બાળ વિકાસ એટલે પ્રસ્તુત સંશોધનમાં બાળકના જન્મથી ત્રણ વર્ષ સુધીના સમયગાળામાં તે નિરીક્ષણ, રમત, પ્રવૃત્તિ વગેરે દ્વારા જે શીખે છે તે. આ વય જુથના બાળકો સહજ રીતે જિજ્ઞાસુ હોય છે. અને પોતાની આસપાસની દુનિયાનું તેઓની ઈન્દ્રિયો ના ઉપયોગથી નિરીક્ષણ કરે છે. બાળકો સતતપણે આસપાસના વાતાવરણ સાથે આંતર પ્રક્રિયાઓ કરતાં રહે છે, તેઓએ જે જોયું છે તે બધી જ વસ્તુઓ ને સ્પર્શવા તથા અનુભવવા ઈચ્છે છે.

આમ, બાળકો પ્રવૃત્તિઓ કરીને અનુભવ મેળવીને જે શીખે છે તેને બાળ વિકાસ કહેવાય છે. જેમાં બાળકની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય, તેવું યોગ્ય વાતાવરણ રાખવું જોઈએ.

**વ્યવહારુ વ્યાખ્યા:–**

પ્રસ્તુત સંશોધનમાં જન્મથી લઈને ત્રણ વર્ષ સુધીના બાળકોનો ભાષાકીય, શારીરિક, બૌદ્ધિક, સાંવેગિક અને સામાજિક વિકાસ ને બાળ વિકાસ કહેવામાં આવશે.

પ્રસ્તુત સંશોધનમાં ડૉ.મીનળબા જાડેજા રચિત બાળવિકાસ માપનના ઉપકરણનો ઉપયોગ કરવામાં આવશે.આ ઉપકરણ પર વિવિધ વિકાસ સંદર્ભે મેળવેલ માર્ક્સ ને પ્રસ્તુત સંશોધનમાં બાળવિકાસ કહેવામાં આવશે.

**શિશુ પરામર્શન કેન્દ્ર:–**

શિશુ પરામર્શન કેન્દ્ર એ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અંતર્ગત ચાલતું કેન્દ્ર છે. જેમાં શિશુના જન્મ બાદ પણ માતા–પિતા તેમજ પરિવારજનો શિશુની સંપૂર્ણ કાળજી લઈ શકે, બાળ ઉછેરને લગતી વિવિધ મૂંઝવણો દૂર કરી શકે તે હેતુથી શિશુ પરામર્શન કેન્દ્ર યુનિવર્સિટીમાં 23 જાન્યુઆરી 2017 થી કાર્યરત છે.

**અભ્યાસ નું મહત્વ:**–શિશુ પરામર્શન કેન્દ્રના અભ્યાસનું મહત્વ વધારે છે કારણ કે, શિશુ પરામર્શન કેન્દ્ર મનુષ્યના જીવન ઘડતરનો પાયો એટલે કે બાળપણ ને મજબૂત અને યોગ્ય દિશા આપે છે.

બાળકો માટે સુરક્ષિત, આનંદદાયી અને અધ્યયનપ્રદ પર્યાવરણનું નિર્માણ કેમ કરવું તેનું પણ માર્ગદર્શન આપે છે. પ્રસ્તુત અભ્યાસમાં 0 થી ૩૬ માસના બાળકો ને શિશુ પરામર્શન કેન્દ્ર કઈ રીતે ઉપયોગી થશે તેની માહિતી મળશે.

બાળકના જન્મ પછી બાળક અને માતા બંનેની કાળજી વધુ જરૂરી છે. ઘણા માતા–પિતાને બાળકની કાળજી કેમ લેવી? તેના યોગ્ય ઉછેર માટે શું ખ્યાલ રાખવો? વગેરે જેવી બાબતોનું પૂરતું જ્ઞાન હોતું નથી. તેથી બાળઉછેરનું શિક્ષણ લેવું ખૂબ જ જરૂરી છે. મારું આ સંશોધન માતા–પિતાને બાળઉછેરમાં કઇ વાતોનું ધ્યાન લેવું તેના માટે ઉપયોગી થશે.

**હેતુ :–**

1. શિશુ પરામર્શન કેન્દ્રના બાળકોના વિકાસ નો અભ્યાસ કરવો.
2. શિશુ પરામર્શન કેન્દ્રના બાળકોના ભાષાકીય વિકાસનો અભ્યાસ કરવો.
3. શિશુ પરામર્શન કેન્દ્રના બાળકોના શારીરિક વિકાસ નો અભ્યાસ કરવો.
4. શિશુ પરામર્શન કેન્દ્રના બાળકોના બૌદ્ધિક વિકાસ નો અભ્યાસ કરવો.
5. શિશુ પરામર્શન કેન્દ્રના બાળકોનો સાંવેગિક– સામાજિક વિકાસ નો અભ્યાસ કરવો.
6. શિશુ પરામર્શન કેન્દ્રના બાળકોના વિકાસ નો તેમના કુટુંબના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
7. શિશુ પરામર્શન કેન્દ્રના બાળકોના વિકાસ નો તેમના જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
8. શિશુ પરામર્શન કેન્દ્રના બાળકોના વિકાસ નો તેમની આર્થિક સ્થિતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધન ના પ્રશ્નો:–**

1. શિશુ પરામર્શન કેન્દ્ર ના બાળકોનો વિકાસ કેવો હશે?
2. શિશુ પરામર્શન કેન્દ્ર ના બાળકોનો ભાષાકીય વિકાસ કેવો હશે?
3. શિશુ પરામર્શન કેન્દ્ર ના બાળકોનો શારીરિક વિકાસ કેવો હશે?
4. શિશુ પરામર્શન કેન્દ્ર ના બાળકોનો બૌદ્ધિક વિકાસ કેવો હશે?
5. શિશુ પરામર્શન કેન્દ્ર ના બાળકોનો સાંવેગિક–સામાજિક વિકાસ કેવો હશે?

**ઉત્કલ્પનાઓ:–**

H01 શિશુ પરામર્શન કેન્દ્ર ના સંયુક્ત અને વિભક્ત કુટુંબ માંથી આવતા બાળકોના વિકાસ માપદંડ પરના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહિ હોય.

H02 શિશુ પરામર્શન કેન્દ્ર ના છોકરાઓ અને છોકરીઓ ના બાળવિકાસ માપદંડ પરના પ્રાપ્તકોમાં સાર્થક તફાવત નહિ હોય.

H03 શિશુ પરામર્શન કેન્દ્ર ના આર્થિક સ્થિતિ ઊંચી અને નિમ્ન ધરાવતા કુટુંબના બાળકોના બાળવિકાસ માપદંડ પરના પ્રાપ્તકોમાં સાર્થક તફાવત નહિ હોય.

**અભ્યાસની પદ્ધતિ:–**

પ્રસ્તુત અભ્યાસ વ્યવહારુ સંશોધન છે. સર્વેક્ષણ પધ્ધતિ એ વર્ણનાત્મક સંશોધનનો એક પ્રકાર છે. સર્વેક્ષણ દ્વારા કોઈ એક ચોક્કસ સમયે ઘણીબધી વ્યક્તિઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરી શકાય છે. સર્વેક્ષણ એ એક વૈજ્ઞાનિક પધ્ધતિ છે, જેમાં પૂર્વગ્રહો કે ભ્રામક ખ્યાલોને સ્થાન હોતું નથી. સર્વેક્ષણમાં સમષ્ટિમાંથી પ્રતિનિધિત્વરૂપ નમુનો અલગ તારવી તેના ઉપરથી હકીકતોનું સામાન્યીકરણ કરવામાં આવે છે. સંખ્યાત્મક અને ગુણાત્મક બંને પ્રકારનું સર્વેક્ષણ હોય છે, જેનું ક્ષેત્ર ચોક્કસ અને માર્યાદિત હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા શિશુ પરામર્શન કેન્દ્રના બાળકનો વિકાસ માપવાનો છે. જે બાળકો શિશુ પરામર્શન કેન્દ્રમાં ભાગ લીધો હોય તેમને પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે લેવામાં આવ્યા હતા. આ નમૂના પાસેથી માહિતી એકત્ર કરીને તેનું વિશ્લેષણ કરવાં આવ્યું હતું આમ પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**અભ્યાસના ચલો:–**

ચલ એ એવું લક્ષણ છે જે વિવિધ કિંમતો ધારણ કરે છે. પ્રસ્તુત અભ્યાસમાં બે પ્રકારના ચલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ. સ્વતંત્ર ચલ એટલે જે અસર પમાડે છે જ્યારે પરતંત્ર ચલ કે જે અસર પામે છે. પ્રસ્તુત અભ્યાસના સ્વતંત્ર અને પરતંત્ર ચલો નીચે પ્રમાણે  હતા.

| | | |
|---|---|---|
| સ્વતંત્ર ચલ :– | જાતિ | છોકરો |
| | | છોકરી |
| | કુટુંબનો પ્રકાર | સંયુક્ત |
| | | વિભક્ત |
| | આર્થિક સ્થિતિ | ઉચ્ચ |
| | | નિમ્ન |
| પરતંત્ર ચલ:– | બાળકોનો વિકાસ | ભાષાકીય વિકાસ |
| | | શારીરિક વિકાસ |
| | | બૌદ્ધિક વિકાસ |
| | | સાંવેગિક વિકાસ |

**અભ્યાસનું ક્ષેત્ર:–**

પ્રસ્તુત અભ્યાસ શિશુ પરામર્શન કેન્દ્રમાં આવતા બાળકોના વિકાસને માપવા માટે હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં બાળકોની ઉંમર ૦ થી ૩ વર્ષની હતી. આમ આ અભ્યાસ પ્રારંભિક બાલ વિકાસના ક્ષેત્ર સાથે સંબંધિત હતો. ઉપરાંત શિશુ પરામર્શન કેન્દ્રમાં બાલ વિકાસનું શિક્ષણ આપવામાં આવતું હતું, આમ પ્રસ્તુત અભ્યાસ પ્રારંભિક બાલ શિક્ષણને લાગતો પણ હતો.

**અભ્યાસની ક્ષેત્ર મર્યાદાઓ:–**

1. પ્રસ્તુત અભ્યાસ શિશુ પરામર્શન કેન્દ્રમાં આવતા બાળકો અને માતા–પિતા પૂરતો જ મર્યાદિત છે.
2. પ્રસ્તુત અભ્યાસ શિશુ પરામર્શન કેન્દ્ર એ પોતાના કેન્દ્રમાં કરેલા પ્રયોગો પૂરતો મર્યાદિત છે.
3. પ્રસ્તુત સંશોધનમાં પસંદ કરેલ ઉપકરણનું પ્રમાણીકરણ થયેલું નથી આથી ઉપકરણની મર્યાદા પ્રસ્તુત સંશોધનમાં મર્યાદા રહેશે.

**વ્યાપવિશ્વ:–**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સંચાલિત શિશુ પરામર્શન કેન્દ્ર ને જ વ્યાપવિશ્વ તરીકે પસંદ કરેલ હતું. જેમાં આવતા બાળકો ના તેમજ તેનો લાભ લીધેલ બાળકો પ્રસ્તુત અભ્યાસનો વ્યાપવિશ્વ બનશે.

નમૂનો :–

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ માંથી નમૂનો પસંદ કરવા માટે "હાથ વગો નમૂનો" પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શિશુ પરામર્શન કેન્દ્રમાં આવેલા બાળકો ને તેમના માતા–પિતાનું સ્થળાંતર અથવા નોકરી કે બાળકના અભ્યાસ અર્થે, ગાંધીનગર માંથી બદલીના કારણે બધા ને રૂબરૂ મળવું શક્ય ન હતું. આમ પ્રસ્તુત અભ્યાસમાં જે માતાપિતા માહિતી આપવા માટે તૈયાર હોય અને જે માતાપિતા માહિતી આપવા માટે ઉપલબ્ધ હોય તેમના પાસે ભરાવવામાં આવી હતી.

**ઉપકરણ:–**

પ્રસ્તુત અભ્યાસમાં શિશુ પરામર્શન કેન્દ્ર ગાંધીનગરના વિવિધ પ્રવૃત્તિ અને તેના દ્વારા બાળકના વિકાસ પર થતી અસરને જાણવા માટે એક માપદંડની જરૂર હતી. બાળકના ભાષાકીય, શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસને માપવા માટે પ્રયોજકે ડો. મીનલબા જાડેજા રચિત શિશુવિકાસ માપદંડ નો ઉપયોગ કર્યો હતો. જુદી જુદી ઉમરના બાળકોનો વિકાસ જુદો જુદો હોય છે. આ દરેક વિકાસને માપવા માટે અલગ માપદંડોની રચના કરેલી હતી. આ માપદંડોનો ઉપયોગ પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવ્યો હતો.

1. 0 મહિનાથી 3 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
2. 3 મહિનાથી 5 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
3. 5 મહિનાથી 7 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
4. 7 મહિનાથી 9 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
5. 9 મહિનાથી 11 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
6. 11 મહિનાથી 13 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
7. 13 મહિનાથી 15 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
8. 15 મહિનાથી 17 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
9. 17 મહિનાથી 19 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ

10. 19 મહિનાથી 21 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
11. 21 મહિનાથી 23 મહિના સુધી બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
12. 23 મહિનાથી 25 મહિના 15 દિવસ સુધી બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
13. બાળકોના વિકાસ માટેનું સાધન 25 મહિના 16 દિવસથી28 મહિના સુધી 15 ઉપકરણ
14. 28 મહિના 16 દિવસથી 31 મહિના 15 દિવસ સુધી બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
15. 31 મહિના 16 દિવસથી 34 મહિના સુધી 15 દિવસ બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
16. 34 મહિના 16 દિવસથી 39 મહિના સુધી બાળકોના વિકાસ માટેનું ઉપકરણ.
17. 39 મહિનાથી 45 મહિના સુધી બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
18. 45 મહિનાથી 51 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
19. 51 મહિનાથી 57 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ
20. 57 મહિનાથી 66 મહિના સુધીના બાળકોના વિકાસ માટેનું ઉપકરણ

**માહિતીનું એકત્રીકરણ:–**

પ્રસ્તુત અભ્યાસ શિશુ પરામર્શન કેન્દ્ર માં આવતા બાળકો અને માતા–પિતા પાસેથી માહિતી એકત્ર કરવાની હતી. માહિતી મેળવવા માટે રૂબરૂ યુનિવર્સિટીની મુલાકાત લેવામાં આવી હતી. તેમ જ શ્રી દિવ્યાબેન રાવળ, શિશુ પરામર્શન કેન્દ્ર સંચાલિકાની મદદથી માહિતી મેળવવામાં આવી હતી. આમ સંશોધકે રૂબરૂ અને અન્યની મદદથી માહિતી મેળવી હતી.

**માહિતીનું પૃથ્થકરણ:–**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના વિશ્લેષણ માટે બે પ્રકારની આકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં વર્ણનાત્મક આકડાશાસ્ત્ર અંતર્ગત મધ્યક, મધ્યસ્થ અને બહુલક પ્રમાણ વિચલનની ગણતરી કરવામાં આવી હતી સાથે કકુદતા અને વિરૂપતાની ગણતરી પણ કરવામાં આવી હતી. સંશોધનના હેતુઓ સુધી પહોંચવા માટે ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી તેની ચકાસણી માટે અર્થઘટનાત્મક આકડાશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેમાં ‘t’ રેશિયો ગણવામાં આવ્યો હતો.

**સંશોધન ના તારણો:–**

–શિશુ પરામર્શન કેન્દ્રમાં આવતા બાળકોનો શારીરિક વિકાસ સરેરાશ કરતાં વધારે જોવા મળ્યો હતો. માતાને બાળકોના આહાર–વિહારનો, રમત, કસરતનું યોગ્ય માર્ગદર્શન મળતું હોવાથી બાળકમાં યોગ્ય વિકાસ સાધી શકે છે.

–શિશુ પરામર્શન કેન્દ્રમાં આવતા બાળકોનો ભાષાકીય વિકાસ પ્રમાણમાં સારો હતો. કેન્દ્રમાં આવતા બાળક સામે બાળ ગીતો, ભજન, ધૂન, વાર્તા, પ્રભાતિયા ગાવાથી તેમના કાનમાં શબ્દો સંભળાવવાથી બાળકોમાં આ વિકાસ જોઈ શકાયો હતો.

– શિશુ પરામર્શન કેન્દ્ર ના બાળકો એકંદરે બૌદ્ધિક વિકાસમાં સરેરાશ કરતાં વધારે જોવા મળ્યા હતા. કેન્દ્ર માં બાળકો સાથે વિવિધ પ્રવૃતિ અને ક્રિયાઓ કરાવવામાં આવે છે અને બાળક ઘરે કરી શકે એવી પ્રવૃતિ નું માર્ગદર્શન માતાને આપવામાં આવતું હોવાથી આ પરિણામ જોઈ શકાયું હતું.

– શિશુ પરામર્શન કેન્દ્ર ના બાળકોનો સામાજિક વિકાસ પણ પ્રમાણ માં સારો જોવા મળ્યો હતો. કેન્દ્રમાં બધા બાળકોનો અભ્યાસ સાથે ચાલતો રહે છે તેથી બાળક એક બીજાને ઓળખતું થાય છે,એકબીજા સાથે રમે છે,રહે છે ને બીજાને સ્વીકાર પણ કરે છે અને આ વિશેનો અભ્યાસ કરતાં આ વિકાસ જાણી શકાયો હતો.

– શિશુ પરામર્શન કેન્દ્રમાં છોકરા કે છોકરી ના વિકાસ માં તફાવત જોવા મળ્યો ન હતો.

– શિશુ પરામર્શન કેન્દ્ર મા આવતા બાળકો પર તેમની આર્થિક સ્થિતિ ની કઈ ખાસ અસર જોવા મળી ના હતી.

**શૈક્ષણિક ફલિતાર્થો:–**

– પ્રસ્તુત સંશોધનના આધારે જોવા મળ્યું કે બાળકોના વિકાસ માટે રમત–ગમત,વિવિધ પ્રવૃતિ,આહાર–વિહાર,સંગીત,વ્યાયામ વગેરે મોટો ભાગ ભજવે છે.

– બાળકના વિકાસ માટેના માર્ગદર્શન માટે આવા પ્રકારના સંશોધનના તારણો ઉપયોગી બની શકે છે.

– પ્રસ્તુત સંશોધનના પરિણામ પરથી જાણવા મળશે કે બાળક પાસે સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરાવવાથી તેના પર આ પ્રવૃત્તિની ઊંડી અસર થાય છે.

– શિશુ પરામર્શન કેન્દ્ર માં આવતા બાળકોનો વિકાસ સરેરાશ સારો હતો તે આ સંશોધન થી જાણવા મળ્યું.

– આ કેન્દ્ર પરથી માતા ને પણ બાળ ઉછેરનું યોગ્ય માર્ગદર્શન મળી રહે છે જેથી ઘરે પણ બાળક ની યોગ્ય સાળ–સંભાળ રાખી શકે.

– બાળક ના વિકાસક્રમ અને વય મુજબ બાળકને પ્રવૃત્તિઓ કરાવવાની હોય છે તે પણ આ સંશોધન પરથી જાણવા મળ્યું.

**ઉપસંહાર:–**

સમગ્ર અભ્યાસ ને જુદા જુદા પ્રકરણોમાં વિભાજીત કરી અભ્યાસનો અહેવાલ તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રસ્તુત પ્રકરણમાં સંશોધક દ્વારા સારાંશ,તારણો, અને ભાવિ સંશોધન માટે સૂચિત કાર્યક્ષેત્ર નો નિર્દેશકરવામાં આવ્યો છે. કોઈપણ સંશોધન એ અંતિમ ના હોઈ શકે. આવા શૈક્ષણિક સંસ્થા ના સંશોધન થતાં રહે તો શિક્ષણ ક્ષેત્રે સમસ્યાનો ઉકેલ અવશ્ય પ્રાપ્ત થતા રહે છે.આજના યુગમાં દિવસેને દિવસે નવી નવી સમસ્યા ઉપસ્થિત થતી રહે છે પણ તે સમસ્યાના ઉકેલરૂપે શિશુ પરામર્શન કેન્દ્ર જે કામ કરી રહ્યું છે તે ભૂમિકા ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.અભ્યાસકનો આ પ્રથમ અનુભવ હોવાથી કંઈક ક્ષતિ રહી જવા સંભવ છે કે જે ક્ષમ્ય ગણાય.અન્ય સંશોધકોને અને કેળવણી ક્ષેત્રે દિલચસ્પી ધરાવતા સૌ કોઈ ને આ અભ્યાસ ઉપયોગી બને તેવો નમ્ર પ્રયાસ કર્યો છે.